કમાન્ડો તાલીમ કેન્દ્ર,ખલાલ,
જીલ્લો-ખેડાની કચેરી માટે
ઉપાડ અને વહેંચણી
અધિકારી(D.D.O.) જાહેર
કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ.
ઠરાવ ક્રમાંક:તલમ/૧૦૨૦૧૬/૨૯૯/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૧૨/૨૦૧૮.

વંચાણે લીધા:

(૧) વિભાગનો ૨૨/૦૬/૨૦૧૦નો ઠરાવ ક્ર. તલમ/૧૦૨૦૧૦/૩૨૮/અ.
(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો તા.૨૦/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/કાર્ડેક્ષનંબર/૪૩૫/૧૬.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો તા.૦૪/૦૮/૨૦૧૭નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/ખલાલ/ડીડીઓ/૧૭૭૬/૧૭.
(૪) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો મે-૨૦૧૮નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/ખલાલ/જમન/૮૯૨/૧૮.
(૫) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો તા.૨૪/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/કાર્ડેક્ષ/ક.વડા/૧૫૧૪/૧૮.

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના ગૃહ વિભાગના ઠરાવથી ખલાલ, ખેડા ખાતે કમાન્ડો તાલીમ કેંદ્રને વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવિષ્ટ કરી ગુજરાત પોલીસ માટે N.S.G. જેવુ કમાન્ડો તાલીમ કેંદ્ર ઊભુ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૫) પરના તા.૨૪/૦૭/૨૦૧૮ના અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)ના કચેરી હુકમથી નાયબ પોલીસ મહાનિરીક્ષક, કમાન્ડો તાલીમ કેંદ્ર,ખલાલને કચેરીના વડા તરીકે જાહેર કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી ક્રમાંક(૪)ના પત્રથી કમાન્ડો તાલીમ સેન્ટર ,ખલાલની કચેરી માટે ઉપાડ અને વહેંચણી અધિકારી (D.D.O) તરીકે જાહેર કરવા બાબતે અધિક પોલીસ મહાનિદેશક(તાલીમ), ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨. કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઉક્ત બાબતે કમાન્ડો તાલીમ સેન્ટર ,ખલાલની કચેરી માટે કમાન્ડો તાલીમ કેંદ્ર, ખલાલ , ખેડાના મંજૂર મહેકમના પોલીસ ઈન્સપેક્ટર (વર્ગ-૨)ને સબંધિત કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારી(D.D.O) તરીકે જાહેર કરવામાં આવે છે.

3. આ ઠરાવ ગૃહ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી (આર્થિક બાબતો) નાણા વિભાગની તા.૧૩/૧૧/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.બી.ગોસાઈ )
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ), પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, કમાન્ડો તાલીમ કેંદ્ર, ખલાલ , જીલ્લો-ખેડા.
(૪) નાયબ સચિવશ્રી(તિજોરી), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૭) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૮) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, એસ.બી.આઈ.બેંક પાસે, સ્ટેશન રોડ, નડીયાદ-જી.ખેડા.
(૯) સેકશન અધિકારીશ્રી(ઝ-૧ શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) સિસ્ટમ મેનેજરશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(વિભાગની વેબસાઈટ પર મુકવા સારુ.)
(૧૧) શાખા પસંદગી ફાઈલ-૨૦૧૮.
(૧૨) ના.સેક્શન અધિકારી પસંદગી ફાઈલ-૨૦૧૮.